# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૬૯, ઓગસ્ટ - સપ્ટેમ્બર, ૨૦૨૨





## 'આઝાદી કા અમૃત મહોત્સવ' ના ભાગ રૂપે ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય – પાવર @૨૦૪૭ અંતર્ગત વિવિધ કાર્યક્રમોના ભવ્ય સમાપન સમારોહનું આયોજન







## આ અંકમાં


**અંક-૬૯**
**ઓગસ્ટ - સપ્ટેમ્બર, ૨૦૨૨**

**તંત્રી**
શ્રી પ્રભવ જોશી, આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ ક્મ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (બીડીએમ વિંગ)

**સંપાદક મંડળ**
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી જે. કે. દરજી, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી જી. જે. ધનુલા, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી બી. જી. પ્રણામી, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી આઈ.જી. કટારા, અધિક્ષક ઇજનેર, પાલનપુર
શ્રી યુ. એન. આચાર્ય, કાર્યપાલક ઇજનેર (બીડીએમ વિંગ)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
નાયબ અધિક્ષક (વહિવટ), કડી, વિભાગીય કચેરી.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ,
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**પ્રિય વાચકમિત્રો,**

**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્સ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com

## આ અંકનાં આકર્ષણો...


**ઉજવણી**



- 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય – પાવર @૨૦૪૭ અંતર્ગત કાર્યક્રમનું હિંમતનગર ખાતે આયોજન ૦૪

**સન્માન**

- મહેસાણામાં લાઇટબિલ મળે એ જ દિવસે ચૂકવણું કરતાં ૧૮ જાગૃત ગ્રાહકોનું યુજીવીસીએલ દ્વારા ઘરે જઇ સન્માન ૦૭
- નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં ઝીરો ડેબીટ એરીયર્સની ઉમદા કામગીરી કરવા બદલ સન્માન ૦૭

**ઉજવણી**




- 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય – પાવર @૨૦૪૭ અંતર્ગત વિવિધ કાર્યક્રમોના ભવ્ય સમાપન સમારોહનું આયોજન ૦૮

**ભાદરવી પૂનમ**

- ભાદરવી પૂનમના મેળામાં યુજીવીસીએલ દ્વારા વિના વિક્ષેપે વીજ વિતરણની સફળ કામગીરી ૧૦

**કંપની સમાચાર**

- સતત ૧૦મી વખત યુજીવીસીએલએ A+ રેટિંગ પ્રાપ્ત કર્યું ૧૨

**પ્રતિભાવ** ૧૭

**ઉજવણી**

- યુજીવીસીએલ દ્વારા ૭૬માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી ૧૩



**આપણી કંપનીએ સતત દસમી વખત A+ રેટિંગ મેળવ્યું છે અને એ રીતે આપણે આપણી કાર્યદક્ષતા સાતત્યપૂર્ણ રીતે જાળવી રાખી છે. આ સિદ્ધિ માટે હું તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું.**

**“સફળ અને નિષ્ફળ માનવી વચ્ચેનો મુખ્ય ભેદ માત્ર ધીરજમાં રહેલો છે, એકલો પરિશ્રમ સફળતા અપાવતો નથી, પરંતુ હાથ પર લીધેલા કામને ઝંઝાવાતો વચ્ચે ધીરજથી વળગી રહેવાથી જ સફળતા મળે છે.”**

**- અજ્ઞાત**

**પ્રિય કર્મચારી મિત્રો,**


આપણા ભારત દેશની આઝાદીનાં ગૌરવભર્યાં ૭૫ વર્ષની સમગ્ર દેશમાં અત્યંત આનંદભેર ઉજવણી કરવામાં આવી અને તેમાં દેશને સમર્પિત એક કંપની તરીકે આપણે પણ ઉમંગભેર જોડાયા. ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ના ભાગ રૂપે “ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય – પાવર @ ૨૦૪૭” અંતર્ગત કુલ ૧૪ જેટલા સફળ કાર્યક્રમો દ્વારા આપણે કેન્દ્ર સરકારના ઊર્જા વિભાગના આયોજનની કામગીરી આપણા કાર્યક્ષેત્રની પ્રજા સુધી પહોંચાડવાની ભગીરથ કામગીરી કરી. આ કાર્યક્રમોની સફળતા માટે હું તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું.

એ જ રીતે, આપણે માટે બીજી પણ એક અત્યંત ગૌરવની વાત છે. આપણી કંપનીએ સતત દસમી વખત A+ રેટિંગ મેળવ્યું છે અને એ રીતે આપણે આપણી કાર્યદક્ષતા સાતત્યપૂર્ણ રીતે જાળવી રાખી છે. આ સિદ્ધિ માટે હું તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવું છું અને ભવિષ્યમાં પણ આપણું ગૌરવભર્યું ઉચ્ચ સ્થાન જળવાઇ રહે તેવી કામગીરી કરવા માટે અનુરોધ કરું છું.

મિત્રો, તાજેતરમાં કંપનીના વહીવટને વધુ સુદ્દઢ કરવા માટે આપણે કંપની માટે અલગ ‘બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ માર્કેટિંગ વિંગ’ની રચના કરી છે. આ વિશેષ પહેલ દ્વારા, કંપનીના ગ્રાહકોને આપણા દ્વારા પૂરી પાડવામાં આવી રહેલ વીજ વિતરણ વ્યવસ્થાથી વધુ સારી રીતે પરિચિત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. તેની સાથોસાથ માનવંતા ગ્રાહકોને વિના વિક્ષેપે વીજ પુરવઠો તેમજ સારી સેવાઓ મળી રહે તથા તેમની ફરિયાદોનું ઝડપથી, યોગ્ય અને સંતોષકારક રીતે નિવારણ થાય તે માટે ‘કન્ઝયુમર ગ્રીવન્સીસ સેલ’ની રચના કરીને કંપનીનું વહીવટી માળખું વધુ મજબૂત કરવામાં આવેલ છે.

તાજેતરમાં અંબાજી ખાતે યોજાયેલ ભાદરવી પૂનમના મેળામાં વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડી, સફળ કામગીરી માટેની પરંપરા જાળવી રાખનાર પાલનપુર વર્તુળ કચેરીના કર્મચારીઓ અભિનંદનને પાત્ર છે.

હવે દિવાળીનો પ્રકાશમય તહેવાર પણ ખૂબ નજીક છે ત્યારે, આગામી વિક્રમ સંવત ૨૦૭૯નું વર્ષ આપ સર્વે તેમજ આપના પરિવાર માટે સુખ, શાંતિ, સમૃદ્ધિ, આરોગ્યપ્રદ અને પ્રગતિમય રહે તેવી શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન પાઠવું છું.



**પ્રભવ જોશી,** આઇએએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ ના ભાગ રૂપે ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય – પાવર @૨૦૪૭ અંતર્ગત કાર્યક્રમનું હિંમતનગર ખાતે આયોજન

તારીખ ૨૬.૦૭.૨૦૨૨ના રોજ હિંમતનગર ખાતે ડૉ. નલીનકાંત ગાંધી ટાઉનહોલ ખાતે શ્રી મુકેશભાઈ પટેલ, ઊર્જા રાજ્યમંત્રી, ગુજરાત સરકારના અધ્યક્ષપદે ‘આઝાદી કા અમૃત મહોત્સવ’ ના ભાગ રૂપે ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય – પાવર `@૨૦૪૭ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેંદ્રસિંહ ચાવડા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એચ.શાહ, નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ યતિનબેન મોદી, કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી પ્રભવ જોશી, જી.યુ. ડી.સી. ડિરેક્ટર, શ્રી જે.ડી.પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ, શ્રી વિનોદભાઇ પટેલ, સુશ્રી કૌશલ્યાકુંવરબા, રાજકીય આગેવાન, મુખ્ય ઇજનેર શ્રી જે.કે. દરજી, અધિક્ષક ઇજનેર શ્રી જી.જે. ધનુલા, રાજકીય અને સામાજિક આગેવાનો, વિશાળ સંખ્યામાં હિંમતનગરના પ્રબુદ્ધ નાગરિકો તેમજ પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનીક્સ મીડિયાના પત્રકારો ઉપસ્થિત રહેલ. મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ ‘વીજ સલામતી’ અંગેની પુસ્તિકાનું વિમોચન ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ.

મુખ્ય ઇજનેર શ્રી જે.કે. દરજીએ પોતાના સ્વાગત પ્રવચનમાં જણાવેલ કે, આજના વીજળી મહોત્સવનું આયોજન ભારત સરકારના ઊર્જા મંત્રાલય તથા રાજ્ય સરકારના સહયોગથી કરવામાં આવેલ છે. આવા આયોજનનો મુખ્ય હેતુ એ છે કે, વીજળી ક્ષેત્રની જે સિધ્ધિઓ ભારત સરકાર દ્વારા મેળવવામાં આવેલી છે તે પ્રજા સુધી પહોંચાડવી. વીજળી ક્ષેત્રમાં ભારત સરકાર દ્વારા છેલ્લા ૮ વર્ષમાં વીજ ઉત્પાદનની ક્ષમતામાં લગભગ ડબલ વધારો કરવામાં આવ્યો છે. સોલારના ઉપયોગમાં વધારો થયો છે. ગામડા સુધી વીજળી પહોંચાડવામાં


દીપપ્રાગટ્ય

આવી છે. ભારતના ઘણા બધા ગામડા એવા હતાં જ્યાં વીજળી ન હોતી પહોંચી ત્યાં વીજળી પહોંચાડી છે. ગ્રાહકને હક્કો આપવામાં આવેલ છે કે, આટલા દિવસોમાં એને નવું કનેક્શન મળે અથવા હેતુ ફેર માટે પણ એને હક્કો મળે. ઓનલાઈન પેમેન્ટ, ત્વરિત નવીન વીજજોડાણ, જુદી જુદી દરેક યોજનાઓ કરી છે, દરેક ઘરો સુધી વીજળી પહોંચાડી છે.

મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ કાર્યક્રમના અધ્યક્ષ અને આમંત્રિત મહેમાનોનું અભિવાદન કરી પોતાના પ્રવચનની શરૂઆત કરતાં જણાવેલ કે, આજે આ એક આનંદની ક્ષણ છે કારણ કે ભારત સરકારે જે ઉપલબ્ધિઓ છેલ્લા ૮ વર્ષમાં પ્રાપ્ત કરી છે એની ઉજવણી અહીંયા આપણે કરવા જઈ રહ્યાં છીએ. એક સમય હતો જયારે અમે નાના હતાં તો ફરજિયાત બે કલાક વીજ કાપ થતો ત્યારે એવું કરવું પડતું હતું કારણ કે દેશમાં એટલી વીજ ઉત્પાદનની કેપેસીટી ન હોતી, મને આશ્ચર્ય થાય છે કે, આજે જેની જરૂરિયાત છે એના કરતાં વધારે એવી ઇન્સ્ટોલ કેપેસીટી આપણી પાસે વીજક્ષેત્રમાં થઇ ગઈ છે અને આપણે વીજક્ષેત્રમાં માનનીય વડાપ્રધાનશ્રીની દુરદર્શિતાના લીધે આત્મનિર્ભર બની ચુક્યા છીએ. આંકડામાં વાત કરીએતો ૮ વર્ષ પહેલાં જે કેપેસીટી અઢી લાખ મેગાવોટ હતી તે આજે ચાર લાખ મેગાવોટ સુધી પહોંચી ગઈ છે એમાં જે વિશેષ વાત છે એ અત્યાર સુધી વીજળી એ કોલસા આધારિત હતી એટલે કોલસાની તૂટ પડે તો આપણી પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો પરંતુ ધીમે ધીમે ટેકનોલોજીનો જે વિકાસ થયો અને સૌર અને પવનઊર્જા આધારિત ઊર્જા જેને આપણે રીન્યુએબલ એનર્જી કહીએ છીએ એની ટકાવારી વધીને ૪૦% સુધી પહોંચી ગઈ છે. ભારત સરકારનું વૈશ્વિક ક્ષેત્રે જે આપણું કમીટમેન્ટ હતું એનાથી નવ વર્ષ પહેલા આપણે આ ટાર્ગેટ પૂર્ણ કરી ચૂક્યાં છીએ.

સતત ભારત સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપણને મળતો રહ્યો છે. મને જણાવતા આનંદ થાય છે કે સોલાર રૂફટોપ યોજનામાં ગુજરાત આખા દેશમાં નંબર-૧ છે. કુલ કેપેસીટીના ૧૦% આપણે આપણા પોતાના ખભા ઉપર સોલાર રૂફટોપ થકી ઉત્પાદન કરીએ છીએ. અત્યાર સુધી યુજીવીસીએલના વિસ્તારમાં


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન


ઉદ્‌બોધન

૪૫૦૦૦ થી વધુ ગ્રાહકોને આપણે આ લાભ આપ્યો છે અને તાજેતરમાં નવું અમને લક્ષ્યાંક મળ્યું છે કે વધુ ૩૫૦૦૦ ગ્રાહકોને આ યોજનાનો લાભ મળશે. આ પ્લેટફોર્મ થકી હું આપ સૌને વિનંતી કરું છું કે હજુ આપના ઘરે સોલાર રૂફટોપ લગાવવાનું બાકી રહી ગયું હોય તો સત્વરે જે સબસિડી છે એનો આપ અવશ્ય લાભ લ્યો અને સોલાર રૂફટોપ અપનાવો. અમારા ઘણા બધા અધિકારીઓ અને કર્મચારી મિત્રો એવા છે કે જેમના ઘરે હવે વીજબીલ આવતું જ નથી કારણ કે સોલાર રૂફટોપથી આ બધું સરભર થઇ જાય છે. RDSSની વાત કરીએ તો તાજેતરમાં ભારત સરકારે ૫ વર્ષ માટે "Revamped Distribution Sector Scheme" તરીકે નવી યોજના બહાર પાડી છે જેમાં ૩૫૨૭ કરોડ જેટલી જંગી રકમ યુજીવીસીએલના કાર્યક્ષેત્રને આગામી ૫ વર્ષમાં મળવાની છે.

યુજીવીસીએલની કામગીરી બાબતે મને જણાવતા આનંદ થાય છે કે અમારા કર્મચારીઓ અને અધિકારીઓની સતત મહેનતના લીધે આજે કોઈ પણ એપ્લીકેશન ચાહે એલ.ટી. કનેક્શનની હોય એટલે રહેણાંકની હોય કે કોમર્સીયલની હોય એ નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવામાં આવે છે. કોઈપણ ઇન્ડસ્ટ્રીઅલ કનેક્શન હોય એ પણ અમે એસ.ઓ.પી.માં જે નિયત સમય મર્યાદા છે એમાં આપી રહ્યાં છીએ. કૃષિ વિષયક જોડાણની વાત કરીએ તો પણ અમે જુન મહિના સુધીની નોટીસો આપી દીધી છે અને અમે ખાત્રી આપીએ છીએ કે નવેમ્બર-૨૦૨૨ સુધીમાં જુન સુધીમાં જેટલા પણ પેમેન્ટ થઇ જશે એ બધા કૃષિ વિષયક વીજ જોડાણોને પૂરા કરી દઈશું. આગામી દિવાસોમાં અમારું કસ્ટમર રિલેશનશિપ ઉપર ફોકસ છે. કોઈપણ ગ્રાહકની ફરિયાદ હોય તે ત્વરીત નિવારી શકીએ તે દિશામાં પણ અમે કામ કરી રહ્યાં છીએ. વધુમાં એક ઓનલાઈન એપ્લીકેશન અમે ડેવલપ કરી રહ્યાં છીએ જેમાં તમામ જે વીજ જોડાણ અંગેની અરજીઓ છે અથવા નામ બદલવાની જે અરજીઓ છે એ ઘરેબેઠાં એક જ ક્લિકમાં ઓનલાઈન થકી થાય એ દિશામાં પોર્ટલ કાર્યરત કરી દેવામાં આવ્યુ છે અને આગામી સમયમાં કોઈપણ કામ માટે ગ્રાહકે કચેરીમાં આવવું ના પડે એ દિશામાં અમે આગળ વધી રહ્યાં છીએ. હું આપ સૌને એ વિશ્વાસ આપું છું કે, અમારા જે કર્મચારીઓ અને અધિકારીઓ છે એમની સતત મહેનતના લીધે મને પૂર્ણ વિશ્વાસ છે કે, આગામી દિવસોમાં ઉત્તર ગુજરાત વીજ કંપની એ ઉત્તમ ગુજરાત વીજ કંપની તરીકે ઓળખાશે એવી મારી બાંહેધરી છે. આ સાથે આપ સૌને હું ફરી એકવાર આવકારું છું અને આભાર વ્યક્ત કરું છું.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડી.એચ. શાહએ કાર્યક્રમના અધ્યક્ષ અને આમંત્રિત મહેમાનોનું અભિવાદન કરતાં પોતાના પ્રવચનમાં જણાવેલ કે, ઉત્સવ કે તહેવાર એ આનંદ પ્રગટ કરવાનો એક માત્ર માર્ગ છે અને એના ભાગરૂપે "આઝાદી કા અમૃત મહોત્સવ" અન્વયે આજના વીજળી મહોત્સવના પ્રસંગમાં ઉપસ્થિત આપ સૌ જાણો છો એ મુજબ આજે આપણી લાઈફસ્ટાઈલમાં સવારથી ઉઠીએ ત્યારથી કહીએ તો ૨૪ કલાક આપણને વીજળીની જરૂરિયાત રહેતી હોય છે અને કદાચ ગુજરાતમાં એવું એક પણ ગામ નથી કે જ્યાં ૨૪ કલાક વીજળી ન મળતી હોય અને ૨૪ કલાક વીજળી ન હોવાને કારણે શું તકલીફો હતી એ હમણાં પ્રભવ જોશી સાહેબે વાત કરી કે અમુક જગ્યા એવી પણ હોય છે કે જ્યાં દિવસમાં ૨ કલાક કદાચ વીજળી નહીં આવે. આપણા ગુજરાતની અંદર એવું નથી અને જે હમણાં હું આંકડા જોતો હતો એ મુજબ આપણી જે વીજ ઉત્પાદનની કેપેસીટી છે કે ૨૦૧૪ની અંદર ૨.૪૮ લાખ જેટલી હતી જે આજે ૪ લાખ છે એટલે કે સરપ્લસ વીજળીવાળા રાજ્યોની અંદર આપણી ગણના થાય છે અને એનાથી પણ આગળ વાત કરું તો અત્યારે બધા જ પર્યાવરણની ચિંતા કરે છે એટલે કે કોલસા આધારીત વીજળી કરતાં બીજા કોઈ સ્ત્રોત હોય તેના ઉપર વિચારવું જોઈએ અને વિશ્વ જયારે વિચારતું હતું એ વખતે ગુજરાત સોલાર ક્ષેત્રે વધુ વીજ ઉત્પાદન કરતું રાજ્ય બનેલ છે. જે બહુ મોટામાં મોટી સિધ્ધિ છે. કહેવાનો મતલબ એ છે કે, ગુજરાત જેવા પ્રગતિશીલ રાજ્યની અંદર કે જ્યાં ઇન્ડસ્ટ્રીઝ છે ખેતી છે અને બીજા ઘણા બધા ગૃહ ઉદ્યોગો છે કે જેમાં વીજળીની સતત જરૂરિયાત રહે. જો બે કલાક પણ વીજળી કાપ હોય તો પણ આપણી ગુજરાતની જે આવક છે એ આવકમાં ફેર પડે પણ સરકારની સતત પ્રયત્નશીલતાને કારણે અને દીર્ઘદ્રષ્ટિના કારણે આજે ગુજરાત વીજળીની અંદર સરપ્લસ છે. એની સાથે સાથે યુજીવીસીએલની જે કામગીરી છે અત્યારે ટેકનોલોજીનો જમાનો છે તો યુજીવીસીએલની તમામ કામગીરી જે ગ્રાહકોને લગતી છે એ બધી જ કામગીરી ઓનલાઈન છે, એટલે કે કોઈએ ઘરેબેઠાં વીજળીનું બીલ ભરવું હોય તો પણ ભરી શકશે, કોઈ એપ્લીકેશન કરવી હોય તો પણ કરી શકશે, ખેતરની અંદર થ્રી ફેઇઝ કનેક્શન જોઈએ તો એ પણ અરજી કરી શકશે એવી આપણે સક્ષમતા હાંસલ કરેલ છે.


વિમોચન

હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેંદ્રસિંહ ચાવડાએ કાર્યક્રમના અધ્યક્ષ અને આમંત્રિત મહેમાનોનું અભિવાદન કરતાં જણાવેલ કે, આજે "અંધેરા હટેગા સુરજ નિકલેગા ઔર કમલ ખીલેગા" ની પંક્તિઓ યથાર્થ સાબિત થઇ છે. ગુજરાતે જે "જ્યોતિગ્રામ" થકી શરૂઆત કરી અને ૨૪ કલાક વીજળી

આપવી એ મને યાદ છે ૧૯૯૮ પછી જયારે ૨૦૦૦માં નરેન્દ્રભાઈએ આ ધૂરા સંભાળી અને એમણે જયારે વિધાનસભામાં આ વાત મુકેલી ત્યારે લોકો હસતા હતાં. પણ આજે ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓમાં અને ૧૨૦૦૦ પેટા ગામડાઓમાં સરેરાશ ૨૨.૫ કલાક આપણે વીજળી આપી શકીએ છીએ. ઉત્તર ગુજરાત વીજ કંપનીને ઉત્તમ ગુજરાત વીજ કંપની બનાવવા અંગે યુજીવીસીએલના એમ.ડી. શ્રી પ્રભવ જોશીએ કહ્યું એમ આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં એ ઉત્તમ માંથી સર્વોત્તમ કેમ બને અને ઉત્તર ગુજરાત વીજ કંપની ૩૮ લાખ ગ્રાહકોને સર્વિસ જે રીતે પૂરી પાડે છે તે સારી છે. બનાસકાંઠામાં પૂર આવ્યું ત્યારે આ જ કર્મચારીઓએ રાત દિવસ મહેનત કરીને પૂરું કર્યું. ગુજરાતમાં ૨૪ કલાક વીજળી આપવા બદલ પણ આપણે આજ કર્મચારીઓને ફરીથી અભિનંદન આપીએ છીએ. હમણાં "વન નેશન વન ગ્રીડ" અન્વયે ૧,૬૦,૦૦૦ કિલોમીટરની જે સર્કીટ દ્વારા પડોશીઓને વીજળી આપણે સરપ્લસ હોવાના કારણે આપીએ છીએ અને આપણે વીજળી લેવાનો અવસર હજુ આવ્યો નથી. મિત્રો એ સિવાય પણ સરકારે "કિસાન સૂર્યોદય યોજના" થકી ખેડૂતોને રાત્રી દરમ્યાન વીજળી આપેલ છે, પણ તબક્કાવાર ટ્રાન્સમીશન પુરા કરી, સબસ્ટેશનો જુદા કરી, લાઈનો જુદી કરી અને હિંમતનગર તાલુકાના લગભગ ૫૨ ગામોમાં દિવસે વીજળી આપણે આપીશું. નરેન્દ્રભાઈનું સ્વપ્ન આપણે દેશ પ્રજવલ્લિત જ્યોતિગ્રામનો કર્યો જે અન્વયે વિકાસની ગતિને જે વેગ મળવાનો છે હમણાં જ એ જાહેરાત કરી ૨.૧ બિલિયન ડોલરના રોકાણ માટે જે બે રાજ્યોની પસંદગી કરી છે તેમાં એક ગુજરાત પણ છે અને એના કારણે આવનારા દિવસોમાં કૃષિ ક્ષેત્રે સ્વાવલંબી તો છીએ પણ જે ખેડૂતની ડબલ આવક થાય તે દિશામાં, તે પરિપ્રેક્ષમાં જે પ્રમાણેનું કાર્ય થઇ રહ્યું છે એ પણ આવનારા દિવસોમાં આપણને લાભ આપશે. ગુજરાતમાં વીજળી, રોડ, રસ્તા, લાઈટ, પાણી ને કારણે આપણા ગુજરાતે વૈશ્વિક રોકાણમાં ગયા વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને આના મૂળમાં પણ આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે એ સિવાય જે છેલ્લે સોલારની જે વાત કરી એમાં હું આપ સૌને વિનંતી કરું કે સોલાર લગાવવાથી આપણા લાઈટબીલમાં ઘટાડો તો આવે જ છે અને સાથે સાથે જે રીન્યુએબલ એનર્જીની જે વાત છે કે આપણે નિર્ધારિત લક્ષ પાર કરવા માટે સોલાર રૂફટોપનો ઉપયોગ કરીએ.

ઊર્જા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે આમંત્રિત મહેમાનો અને પત્રકાર મિત્રોનું અભિવાદન કરતાં જણાવેલ કે, મારા વિભાગના ખૂબ જ નિષ્ઠાવાન અધિકારી કે જેમને મારે વીજળી અંગેની ફરિયાદનો એકપણ ફોન ના કરવો પડતો હોય એવા અમારા યુજીવીસીએલના એમ.ડી. શ્રી





નાટક

પ્રભવ જોશીજી, આપણે "ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય" માં જોયું કે જે રીતે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું "વન નેશન વન ગ્રીડ"નું સ્વપ્ન છે. એવીજ રીતે "વન કાર્ડ વન નેશન". નરેન્દ્રભાઈ જે બોલે છે એ આપણે કરી બતાવીએ છીએ. યુપીનું રેશન કાર્ડ ધરાવનાર માણસ હિંમતનગરમાં પણ અનાજ મેળવી શકે છે એ કામ જો કર્યું હોય તો એ આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું છે.

સોલારનો જે પ્લાન્ટ લાવ્યાં હોય એ માત્ર અને માત્ર નરેન્દ્રભાઈ મોદી સાહેબ લાવ્યાં અને એનું ઉત્તમ ઉદાહરણ એ ગુજરાત બન્યું છે અને ગુજરાત જે શરૂઆત કરે એનું સમગ્ર દેશના રાજ્યો માટે ઉદાહરણરૂપ હોય છે. જે તે સમયે ચાણસ્મામાં જયારે પ્લાન્ટ આવ્યો ત્યારે સોલારથી ઉત્પન્ન કરેલી વીજળી ૧૪ થી ૧૫ રૂપિયા ભાવ હતો જયારે આજે ૨ થી ૨.૫ રૂપિયે સોલાર વીજળી આપણને મળે છે. પરંતુ નરેન્દ્રભાઈ રૂફટોપ સોલારની જે યોજના લાવ્યાં. આજે આપણે જોઈએ છીએ કે રૂફટોપ સોલાર વડે ઉત્પન્ન થયેલ વીજળીમાંથી વપરાશ ઉપરાંતની વીજળીના પૈસા તમારા ખાતામાં જમા થાય છે આમ આ રીતે લોકોની આવક વધારવાનો પ્રયાસ કર્યો છે. આજે સમગ્ર દેશની અંદર જેટલા રૂફટોપ સોલાર લાગ્યાં હોય એના ૪૦% ઉત્પાદન રૂફટોપ સોલારની અંદર ગુજરાતમાં થાય છે.

આપણી ચારેય ડિસ્કોમ અને જેટકો તરફથી માત્ર દોઢથી બે મહિનાની અંદર ગુજરાતને ફરી ધબકતું કરી નાખ્યું. અત્યારે ગુજરાતના ઘણા બધા જિલ્લાઓમાં ખુબજ વરસાદ પડ્યો હોવા છતાં પણ આવા કપરા સંજોગોમાં પણ ગુજરાતની વીજકંપનીનો કર્મચારી પોતાના જીવના જોખમે થાંભલા ઉપર ચડી અને લાઈટ તમને આપે છે. હું વીજકંપનીઓના કર્મચારીઓને પણ અભિનંદન આપું છું. મિત્રો પહેલા વીજ કનેક્શન લેવા માટે ખુબજ સમય લાગતો હતો આજે આપણે સવારે વીજકનેક્શન લેવા જાઓ અને સાંજે મળી રહે છે.

આ કામ અમારી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર અને આ વીજકંપનીઓ કરી રહી છે. અમે નવા નવા મંત્રી બન્યાં ત્યારે સમગ્ર ગુજરાતની અંદર વીજળીની કટોકટી હતી એ એટલા માટે કે યુક્રેન અને રશિયાનું યુદ્ધ ચાલતું હતું કોલસો સમયસર આવતો ન હતો ગેસ સમયસર આવતો નહોતો અને ગેસ ખુબ મોંઘો પડતો હતો એવી પરિસ્થિતિમાં પણ ગુજરાતે ખેડૂતને ૮ કલાક વીજળી આપી અને સાથે સાથે બીજા બધા રાજ્યોમાં જયારે ખેડૂતોને ૪ થી ૫ કલાક વીજળી મળતી હતી ત્યારે ગુજરાતમાં ૮ કલાક વીજળી મળતી હતી આમ મોંઘા ભાવે વીજળી ખરીદી અને ખેડૂતોને એક પણ રૂપિયાનો

બોજો આપ્યા વિના અમે વીજળી પૂરી પાડી છે અને આવનારા દિવસોમાં પણ વીજળીની કોઈપણ જાતની તકલીફ ના પડે એના માટે શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર ખુબ ચિંતા કરી રહી છે. મિત્રો, આવા મુખ્યમંત્રી આપણા કે જેમણે પ્રથમવાર સપથ લીધા હોય અને જામનગરમાં ખૂબ જ વરસાદ અને વાવાઝોડું આવ્યું હોય અને શપથ લીધા બાદ તરત જ એ જામનગર પહોંચ્યા અને પ્રજાની તકલીફો જાણી.

અગાઉ ખેડૂતોને ૪ થી ૫ વર્ષ સુધી કનેકશનો મળતાં નહોતા. અત્યારે તમે જુવો જેટલા તમે માગ્યા હોય તે તમામ કનેકશનો અને વિશેષમાં જે બાકી કનેકશનો છે તમામ કનેકશનો પણ આપી દેવામાં આવશે તેને માટે આવનારા બજેટમાં રૂપિયા ૧૫૦૦ કરોડની જોગવાઈ પણ કરી છે. અત્યારે સમગ્ર ગુજરાતની અંદર ૭૭૦૦૦ કિલોમીટરની લાઈનોનું નેટવર્ક ગોઠવાયું છે, આવનારા ૨૦૪૭ સુધીમાં ૧૫૦૦૦૦ કિલોમીટર જેટલા વાયરો પથરાઈ ગયા હશે અને દરેક લોકોને વીજળી મળશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી કહેતાં હતાં કે ૨૦૩૦ સુધીમાં ગુજરાત એટલું બધું વીજળી સરપ્લસ હશે કે સમગ્ર દેશના રાજ્યોને વીજળી પૂરી પાડશે.


સમારંભના અંતમાં પોતાના આભાર પ્રવચનમાં અધિક્ષક ઇજનેર શ્રી જી.જે. ધનુલાએ પોતાનો વ્યસ્ત સમય ફાળવવા બદલ સમારંભના અધ્યક્ષ ઊર્જા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ તથા આમંત્રિત મહેમાનોનો આભાર માની પોતાનું પ્રવચન પૂર્ણ કરેલ. ■

# મહેસાણામાં લાઈટબિલ મળે એ જ દિવસે ચૂકવણું કરતાં ૧૮ જાગૃત ગ્રાહકોનું યુજીવીસીએલ દ્વારા ઘરે જઈ સન્માન



વીજબિલની ત્વરિત ચુકવણી કરનાર ગ્રાહકોને સન્માનિત કરવાના નવતર સકારાત્મક પ્રયોગ બદલ યુજીવીસીએલની ટીમને શુભેચ્છા પાઠવું છું અને સન્માનિત થયેલા ગ્રાહકોને પણ અભિનંદન.

- **કનુભાઈ દેસાઈ,** ઊર્જા મંત્રી, ગુજરાત રાજ્ય



મહેસાણા સિટી-૧ વિસ્તારમાં ૩૬ હજાર જેટલા વીજ ગ્રાહકો પૈકી ૧૮ ગ્રાહકો એવા છે કે જે ઘરે વીજબિલ હાથમાં આવે કે તરત ઓનલાઈન ચૂકવણું કરી દે છે. છેલ્લા એક વર્ષ દરમિયાન વીજબિલ મળ્યાના પ્રથમ દિવસે જ ભરપાઈ કરનાર ૧૮ ગ્રાહકોને અલગ તારવી વીજકંપનીના અધિકારી દ્વારા આ તમામ ગ્રાહકોના ઘરે જઈ સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવેલ. મહેસાણા વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેર શ્રી વી.બી. પટેલ અને નાયબ ઇજનેર શ્રી જે.પી. પ્રજાપતિના હસ્તે ગ્રાહકોને સન્માનપત્ર આપી બિરદાવવામાં આવેલ. ■

# નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં ઝીરો ડેબીટ એરીયર્સની ઉમદા કામગીરી કરવા બદલ સન્માન





તા. ૧૩/૦૪/૨૦૨૨ના રોજ પાલનપુર વર્તુળ કચેરીના તાબા હેઠળની પાલનપુર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીમાં કર્મચારીઓનો સન્માન કાર્યક્રમ યોજાયેલ. નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૦૨૨માં ઝીરો ડેબીટ એરીયર્સની ઉમદા કામગીરી કરવા બદલ નાયબ ઈજનેર શ્રી તુષારભાઈ રાવલના અધ્યક્ષ સ્થાને સર્વ કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પાલનપુર ગ્રામ પેટા વિભાગીય કચેરીનો સ્ટાફ હાજર રહ્યો હતો. શ્રી એ. બી. ચડોખીયા, સિનિયર આસિસ્ટન્ટે સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરેલ અને આગામી નાણાકીય વર્ષ દરમ્યાન પણ ઉત્તમ કામગીરી કરવા પ્રોત્સાહન આપ્યું હતું. ■

# 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગ રૂપે ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય – પાવર @૨૦૪૭ અંતર્ગત વિવિધ કાર્યક્રમોના ભવ્ય સમાપન સમારોહનું આયોજન

તારીખ ૩૦-૦૭-૨૦૨૨ના રોજ ગાંધીનગર પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સિટીના ઓડીટોરીયમમાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ના ભાગરૂપે ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય – પાવર@૨૦૪૭ અંતર્ગત વિવિધ કાર્યક્રમોના ભવ્ય સમાપન સમારોહનું આયોજન – ભારતની આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરવા માટે, ઊર્જા મંત્રાલયે વિવિધ રાજ્ય સરકારો સાથે મળીને આયોજન કરેલ.

જે અંતર્ગત ગુજરાતના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા જે તે વિસ્તારની વીજ વિતરણ કંપનીઓ તેમજ સરકારના અન્ય વિભાગો સાથે સંકલન કરીને તમામ જિલ્લાઓમાં 'વીજળી મહોત્સવ'નું આયોજન હાથ ધરેલ જેના ભવ્ય સમાપન સમારોહ તથા પાવર સેક્ટરમાં થયેલ પ્રગતિના ઉજવણી તથા ૨૦૪૭ સુધીના ભવિષ્યનું આયોજન, રિવેમ્પડ ડિસ્ટ્રીબ્યુશન સેક્ટર સ્કિમ તથા નેશનલ સોલાર રૂફટોપ પોર્ટલના ડિજિટલ લોન્ચિંગ પ્રસંગે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, મેયર, ગાંધીનગર મહાનગરપાલિકા શ્રી હિતેશભાઈ મકવાણા, અગ્રસચિવ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સુશ્રી મમતા વર્મા, મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, શ્રી જયપ્રકાશ શિવહરે, મ્યુનિસિપલ કમિશ્નર ગાંધીનગર, શ્રી ધવલભાઈ પટેલ, પ્રમુખ જિલ્લા પંચાયત ગાંધીનગર, શ્રી વિનોદભાઈ પટેલ, વાઈસ ચાન્સેલર PDEU ડાયરેક્ટર જનરલ, શ્રી મનોહરન, સામાજિક અને રાજકીય આગેવાનો, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક્સ મીડિયા, વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ગાંધીનગરના પ્રબુધ્ધ નાગરિકો વીજળી મહોત્સવના સમાપન પ્રસંગે ઉપસ્થિત રહેલ.




સમારંભની શરૂઆતમાં સુશ્રી મમતા વર્માએ ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરેલ ત્યારબાદ બૂકે દ્વારા ઉપસ્થિત મહાનુભાવોને સન્માનિત કરીને આવકારવામાં આવેલ. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ઉપસ્થિત મહાનુભાવોએ દીપપ્રગટ્ય કરીને ભવ્ય સમાપન સમારંભની શરૂઆત કરેલ. ઉપસ્થિત વિવિધ યોજનાના લાભાર્થીઓનું પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવેલ.


ઉદ્‌બોધન

## ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈનું પ્રવચન

કોઈપણ સમાજના વિકાસમાં વીજળી અને પાણી મહત્વનો ભાગ ભજવે છે જ્યારથી આપણા નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી થયા ત્યારથી એમણે વીજળી અને પાણી ક્ષેત્રે જે કામો કર્યા છે એનો દાખલો આપણને એક જ રીતે મળી શકે કે જ્યારે નરેન્દ્રભાઈ એ ૨૦૧૪માં ભારતનું સુકાન સાંભળ્યું ત્યારે ભારતના ૧૮૦૦૦ ગામડામાં વીજળી નહોતી અને એમણે સંકલ્પ લીધો અને ૧૮૦૦૦ ગામડાઓમાં વીજળી પૂરી પાડી. આપણે નસીબદાર છીએ કે આપણા ગુજરાતમાં પવન ઊર્જા અને સોલાર ઊર્જા નરેન્દ્રભાઈએ શરૂ કરેલી યોજનાઓ આજે સંપૂર્ણ રીતે વિકાસ પામી રહી છે અને ગુજરાત જો ઊર્જાના સંકટમાંથી બચી શક્યું હોય તો એનો સંપૂર્ણ યશ આપણે ૪ થી ૫ મેગાવોટ વીજળી સોલારમાંથી અને પવનમાંથી પેદા કરી રહ્યાં છીએ. જો દેશનો ઔદ્યોગિક વિકાસ


સ્વાગત


સ્વાગત


ઉદ્‌બોધન


સન્માન

કરવો હોય તો તે માટે વીજળી જરૂરી છે અને ગુજરાતમાં જે રીતે ઔદ્યોગિક વિકાસ થયો છે એનો સંપૂર્ણ યશ સતત ગુણવત્તાયુક્ત વીજસપ્લાયને જાય છે. આપણી બધી જ વીજ સંસ્થાઓ જેને પ્રથમ ક્રમાંક સતત મળ્યા જ કરે છે તેની ડિસ્ટ્રીબ્યુશન સિસ્ટમને પણ જાય છે. કામગીરી સંલગ્ન કર્મચારીઓને અભિનંદન આપું છું અને ખાસ કરીને જ્યારે આ વખતે છેલ્લા ૫૦ વર્ષનો સૌથી વધુ વરસાદ પડ્યો ત્યારે પણ જે રીતે વીજ સપ્લાય આવી પરિસ્થિતિઓ માં પણ સંપૂર્ણ રીતે ચાલુ થયો એનો સંપૂર્ણ શ્રેય પણ ઊર્જા વિભાગને આપું છું.

## મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઇ પટેલનું પ્રવચન


ઉદ્‌બોધન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઊર્જાને માનવજીવનની જરૂરિયાત અને જીવનનો હિસ્સો ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે ઊર્જાના વિવેકપૂર્ણ ઉપયોગ સાથે નવિન ઊર્જાસ્રોત અને રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ હવેના સમયની માંગ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ભારતને પાંચ ટ્રિલીયન ડોલર ઇકોનોમી બનાવવાનું જે સપનું જોયુ છે તેમાં આ રિન્યુએબલ એનર્જી સેક્ટરનું પણ ઘણું મહત્ત્વ છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અલગ અલગ રાજ્યોમાં ઉપસ્થિત સોલાર રૂફટોપના લાભાર્થીઓ સાથે સંવાદ કરેલ જેમાં સાબરમતી વર્તુળ કચેરીના તાબા હેઠળના અસલાલી ગામના પ્રગતિશીલ ખેડૂત શ્રી ધીરેનભાઈ પટેલ સાથે વાર્તાલાપ કરી તેઓને સોલાર રૂફટોપની કિંમત તેમજ તેનાથી થયેલ ફાયદો અને અન્ય ગ્રાહકોને પ્રેરણા મળી કે કેમ તેવા પ્રશ્નો પૂછી સોલાર રૂફટોપ અંગે તેઓનો પ્રતિભાવ જાણેલ.

## માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું પ્રવચન

આજના સમયમાં વીજળી વગરના જીવનની કોઈ કલ્પના પણ કરી શકતું નથી


સન્માન


સન્માન

અને મને આનંદ છે કે, તમે જે વીજળી મહોત્સવની ઉજવણી કરી છે આટલી બધી જગ્યાએ એક કાર્યક્રમ હતો, તે મારા માટે ખૂબ જ સંતોષની વાત છે. છેલ્લા વર્ષોમાં અમે ઊર્જા ક્ષેત્રે અગાઉની ઘણી ખામીઓ દૂર કરીને પાવર સેક્ટરને મજબૂત બનાવ્યું છે. કુસુમ જેવી યોજનાઓ દ્વારા આપણા ખેડૂતો અન્નદાતાની સાથે ઊર્જા દાતા પણ બની રહ્યા છે, તેમની આવકમાં વધારો કરી રહ્યા છે.

21મી સદી, આઝાદીની વ્યૂહાત્મક લયમાં ભારતે આગામી 25 વર્ષના વિઝન પર કામ કરવાનું શરૂ કર્યું એનર્જી સેક્ટર આગામી 25 વર્ષમાં ભારતની પ્રગતિને વેગ આપવામાં મોટી ભૂમિકા ભજવશે.

લદ્દાખમાં સ્થપાઈ રહેલા પ્લાન્ટથી દેશમાં વાહનો માટે ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન થશે. તેનો અર્થ એ કે લદ્દાખ પ્રથમ સ્થાને રહેશે દેશમાં જ્યાં ઈંધણ સેલ ઈલેક્ટ્રિક વાહનો ખૂબ જ જલ્દી દોડવા લાગશે, તે લદ્દાખને કાર્બન ન્યુટ્રલ ઝોન બનાવવામાં પણ મદદ કરશે.


ઉદ્‌બોધન

વિતરણ પ્રણાલી વધી રહી હતી, 8 વર્ષ પહેલા અમે દેશના પાવર સેક્ટરના દરેક હિસ્સાને બદલવાની પહેલ કરી, પાવર સિસ્ટમ, જનરેશન ટ્રાન્સમિશનને સુધારવા માટે ચાર અલગ-અલગ દિશામાં સાથે મળીને કામ કર્યું.

આજે શરૂ થયેલી નવી પાવર રિફોર્મ સ્કીમ પણ આ દિશામાં વધુ એક પગલું છે. આ અંતર્ગત, વીજળીની ખોટ ઘટાડવા માટે સ્માર્ટ મીટરિંગ જેવી વ્યવસ્થા પણ કરવામાં આવશે, જેનાથી તે ઉત્પાદનની કાર્યક્ષમતામાં વધારો થશે. દેશભરની ડિસ્કોમને જરૂરી નાણાકીય મદદ પણ આપવામાં આવશે જેથી તેઓ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી શકે છે અને પોતાને આર્થિક રીતે સશક્ત બનાવવા માટે જરૂરી રિપોર્ટ કરી શકે છે.

આપણું પાવર સેક્ટર તેની ઊર્જા સુરક્ષાને મજબૂત કરવા માટે જે રીતે પુનઃપ્રાપ્ય ઊર્જા પર ભાર આપી રહ્યું છે તે અભૂતપૂર્વ છે. અમે આઝાદીના 75 વર્ષ પૂર્ણ થતાં સુધીમાં 175 ગીગાવોટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા બનાવવાનો સંકલ્પ કર્યો હતો, આજે આપણે આ લક્ષ્યની નજીક છીએ.

આજે ભારત સ્થાપિત સૌર ક્ષમતાના સંદર્ભમાં વિશ્વના ટોચના ચાર કે પાંચ દેશોમાં છે. તેલંગાના અને કેરળમાં બનેલા સોલાર પ્લાન્ટ દેશના પ્રથમ અને દ્વિતિય સૌથી મોટા તરતા સોલાર પ્લાન્ટ છે, તેમનાથી ગ્રીન એનર્જીતો મળશે જ, પરંતુ સૂર્યની ગરમીને કારણે જે પાણીનું બાષ્પીભવન થતું હતું તે પણ નહીં થાય. રાજસ્થાનમાં 1000 મેગાવોટની ક્ષમતા સાથે સિંગલ લોકેશન સોલાર પાવર પ્લાન્ટનું નિર્માણ કાર્ય પણ આજથી શરૂ થઈ ગયું છે, મને ખાતરી છે કે આ પ્રોજેક્ટ ઊર્જાના સંદર્ભમાં ભારતની આત્મનિર્ભરતાના પ્રતિક બનશે.

દેશના ઝડપી વિકાસ માટે તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કે પાવર અને એનર્જી સેક્ટરનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર હંમેશા મજબુત હોવું જોઈએ, હંમેશા આધુનિક હોવું જોઈએ, આપણે એવી પરિસ્થિતિની પણ કલ્પના કરી શકીએ છીએ કે જો છેલ્લા આઠ વર્ષમાં બધાના પ્રયત્નોથી આ ક્ષેત્રમાં જો સુધારો ના થયો હોત તો આજે કેટલી મુસીબતો ઊભી થઈ હોત? શહેર હોય કે ગામડામાં થોડા કલાકો માટે વારંવાર

અંધારપટ થતો હોય, ખેતરમાં સિંચાઈ માટે ખેડૂતો પરેશાન થતા હોત, કારખાના બંધ થઈ જાત. આજે દેશનો નાગરિક સુવિધાઓ ઇચ્છે છે, મોબાઈલ ફોનના ચાર્જિંગ જેવી સુવિધાઓ, તેના માટે રોટી, કપડા અને મકાન જેવી જરૂરી બની ગઈ છે આપણે યાદ રાખવું પડશે કે આપણે આપણી જવાબદારી નિભાવીશું, તો જ આપણો અમૃતકાળનો સંકલ્પ પૂરો કરીશું.

મિત્રો, હું આ કાર્ય કરવા બદલ ઊર્જા પરિવારના તમામ મિત્રોને અભિનંદન પાઠવું છું, આટલા ભવ્ય કાર્યક્રમ માટે દેશના ખૂણે-ખૂણે વીજળી વિશે આટલી મોટી જાગૃતિ લાવવા બદલ હું મારા તરફથી પાવર સેક્ટર સાથે સંકળાયેલા તમામ અધિકારીઓને અભિનંદન આપું છું. ઉજ્જવળ ભવિષ્ય માટે ઘણી બધી શુભેચ્છાઓ, ખૂબ ખૂબ આભાર.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી અજય બારોટ દ્વારા કાર્યપાલક ઈજનેર બાવળા શ્રી કે.ડી. બારોટના સંકલન દ્વારા કરવામાં આવેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ વિશેષ મુખ્ય ઈજનેર શ્રી આર.ડી. ઝાલાના નેતૃત્વ હેઠળ ગાંધીનગર અર્બન અને ગ્રામ્ય વિભાગીય કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓની ખભે ખભા મિલાવીને કરેલ મહેનતને અંતે સંપૂર્ણ કાર્યક્રમ ખૂબ જ સફળ રહેલ. ■

# ભાદરવી પૂનમના મેળામાં યુજીવીસીએલ દ્વારા વિના વિક્ષેપે વીજ વિતરણની સફળ કામગીરી

## મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તેમજ મુખ્ય ઇજનેર શ્રી જે.કે. દરજીના નેતૃત્વ હેઠળ અધિક્ષક ઇજનેર, પાલનપુર શ્રી આઇ.જી. કટારાની ટીમ દ્વારા સફળ કામગીરી

ભારતની એકાવન શક્તિપીઠો પૈકીની મુખ્ય શક્તિપીઠ એટલે ભગવતી મા અંબાજી, હિંદુ તીર્થ આરાસુરી અંબાજી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૫-૯-૨૦૨૨ થી તા. ૧૦-૯-૨૦૨૨ સુધી ભાદરવી પૂનમના મેળાનું પરંપરાગત રીતે આયોજન કરવામાં આવેલ. કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તેમજ કંપનીના મુખ્ય ઈજનેર શ્રી જે.કે. દરજીના નેતૃત્વ હેઠળ અધિક્ષક ઈજનેર, પાલનપુર શ્રી આઈ.જી. કટારાની ટીમ દ્વારા વિના વિક્ષેપે વીજ વિતરણની વ્યવસ્થાનું આગોતરું આયોજન કરવામાં આવેલ. અંબાજી ધામમાં વીજ વિતરણની વ્યવસ્થા કાર્યપાલક ઇજનેર પાલનપુર શ્રી એચ.બી. ગાંધી તથા નાયબ ઇજનેર શ્રી વી.આર. પ્રજાપતિ અને શ્રી એમ.બી. સોલંકી તથા તેમની ટીમ દ્વારા નિયમિત રીતે કરવામાં આવેલ.

ભાદરવી પૂનમ જેવા મહામેળાનું આયોજન દર વખતે કરવામાં આવે છે ત્યારે પાલનપુર સર્કલના કર્મચારીઓ એક ટીમ બનીને હંમેશાં સુદઢ આયોજન કરે છે. કુલ ૧૭ જેટલી ટીમો જુદા જુદા ઇજનેરોના વડપણ હેઠળ પોઇન્ટ વાઇજ લાઇન સ્ટાફની ટીમ સતત વીજ વિતરણ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કોઈ પણ પ્રકારના વીજ વિક્ષેપ વગર વીજ પુરવઠો પૂરો પાડવા માટે પ્રયત્નશીલ રહેલ જેના પરિણામે ભાદરવી પૂનમના મેળાનો કાર્યક્રમ સફળ રહેલ.

દર વર્ષે ભાદરવી પૂનમના મેળાનું સંચાલન બનાસકાંઠાના કલેક્ટરશ્રીના વડપણ હેઠળ કરવામાં આવતું જયારે આ વર્ષે ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ શ્રી પંકજકુમારના સીધા માર્ગદર્શન નીચે વિવિધ વિભાગના વડાઓ સાથે સંકલન કરીને આયોજનબદ્ધ રીતે કામગીરી કરવાનું નક્કી કરવામાં આવતાં સમગ્ર કાર્યક્રમ જીલ્લાકક્ષાને બદલે રાજ્યકક્ષાનો બનેલ.

મેળા દરમિયાન યાત્રીકોને ચાલવામાં તકલીફ ન પડે તે માટે અંબાજીથી હડાદ રોડ, અંબાજીથી દાંતા રોડ, દાંતાથી આંબાઘાટા રોડ, અંબાજીથી વિરમપુર રોડ (કેંગોરા ઘાટી) ઉપર અને અંબાજીથી શીતળામાતાના મંદિર સુધી હંગામી વીજ જોડાણ આપીને વ્યવસ્થા કરવામાં આવેલ. જેથી રાત્રિ દરમિયાન પણ


મા અંબે ધામ


ઉચ્ચસ્તરીય પરામર્શ


મુલાકાત

પદયાત્રીઓને ચાલવામાં સરળતા રહે.

યુજીવીસીએલ દ્વારા સફળ કામગીરી માટે નીચે જણાવેલ એક્શન પ્લાન અમલમાં મુકવામાં આવેલ.

- કુલ ૭૦ કિલોમીટરની સ્ટ્રીટલાઈટ યાત્રાળુઓને રસ્તામાં તકલીફ ન પડે તે માટે LTAB કેબલ સાથે શરૂ કરવામાં આવેલ.
- તારીખ ૦૫-૦૯-૨૦૨૨ સુધીમાં ૧૬૦ જેટલા ટેમ્પરરી કનેકશનો આપવામાં આવેલ છે.
- યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા માંગવામાં આવેલ કુલ ૬ વીજ કનેકશનો પુરા પાડવામાં આવેલ છે.
- મેન્ટેનન્સ કામની ખાત્રી માટે તેમજ વીજ-સલામતી માટે મોકડ્રીલનું આયોજન કરવામાં આવેલ.
- યુજીવીસીએલ દ્વારા વીજ-સલામતીને ધ્યાનમાં રાખીને તમામ વીજ-જોડાણો ELCB સ્વીચ સાથે આપવામાં આવેલ.
- વિદ્યુત નિરીક્ષકની દેખરેખ નીચે વીજ-સલામતીને ધ્યાનમાં લઈને હંગામી વીજ-જોડાણો આપવામાં આવેલ.

પાલનપુરથી અંબાજી-દાંતા માર્ગ ઉપર નવીન થ્રી ફેઈજ થાંભલા નાંખી કુલ ૧.૬ કિલોમીટરની નવી લાઈનની લંબાઈ સાથે પોલ ઉપર LTAB કેબલ ખેંચવામાં આવેલ તેમજ હડાદ થી માકડચંપા રોડ ઉપર નવીન ૧૪૩પોલ નાંખી અંબાજીથી હડાદ-માકડચંપા લાઈન ઉપર LTAB કેબલ નાંખી સ્ટ્રીટલાઈટના વીજ જોડાણ ચાલુ કરવામાં આવેલ તેમજ અંબાજીને જોડતાં વિવિધ માર્ગો ઉપર વીજ-અકસ્માત નિવારવા માટે કુલ ૨૦૦૦ જેટલા રેડીયમ સ્ટીકર દરેક પોલ ઉપર લગાવવામાં આવેલ.

અંબાજી મુકામે પદયાત્રીઓને સતત વીજ-વિતરણ થાય તે માટે જો કોઈ ફરિયાદ હોય તો તેના ત્વરિત નિવારણ માટે ૩ જેટલા વીજ સહાયતા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ જેમાં સતત ૨૪ કલાક ફરિયાદ નિવારણ માટેની સેવાઓ આપવામાં આવેલ. મેળા દરમિયાન કોઈ પણ પ્રકારની આકસ્મિક મુશ્કેલભરી સ્થિતિને પહોંચીવળવા મે મહિનાથી તમામ ફીડર ઉપર સતત મેઇન્ટેનન્સ કરીને ટ્રાન્સ્ફોર્મર દુરસ્ત કરેલ તેમજ એલટી લાઇનનું પણ સમારકામ કરેલ જેથી વીજ ફરિયાદો ટાળી શકાય.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા મંદિર ટ્રસ્ટ દ્વારા જુદાજુદા લાઈટિંગ પોઇન્ટ્સ, તાલુકા પંચાયત, એસ.ટી. પાર્કિંગ, જુદાજુદા કેમ્પો તેમજ દુકાનોમાં કુલ ૬૧ જેટલા હંગામી સીંગલ ફેઇઝ તેમજ ૧૩૫ જેટલા થ્રી ફેઇઝ હંગામી વીજ જોડાણો વીજ સલામતીને ધ્યાનમાં રાખીને ELCB સાથે




આપવામાં આવેલ. ચાલુ લાઇન નીચે તૈયાર કરવામાં આવેલ કેમ્પોને હટાવવામાં આવેલ, આમ વીજ સલામતી જળવાઈ રહે તે માટે મહત્ત્વની કામગીરી હાથ ધરેલ.

મેળા દરમિયાન GWSSBના બોરને પણ સતત પાણી મળી રહે તે માટે ગાંધીનગરથી અંબાજી, રાધનપુરથી ડિસા, પાલનપુરથી અંબાજી તેમજ વિસનગરથી અંબાજી અને ઇડરથી ખેડબ્રહ્મા-હડાદથી અંબાજીના ખેડીવાડી ફીડરોને સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવામાં આવેલ જેથી પાણીની સમસ્યા નિવારી શકાય.

અંબાજી યાત્રાધામ ખાતે સતત વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે માટે અલગ અલગ ચાર સર્કિટની વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં (૧) ૨૨૦ કેવી ભૂતિયા, ઇડરથી ખેડબ્રહ્મા, ૬૬ કેવી માકડચંપા સબસ્ટેશન થઈને ૬૬ કેવી સબસ્ટેશન અંબાજીમાં પાવર લાવવામાં આવેલ. (૨) બીજી સર્કિટમાં ૨૨૦ કેવી, ખેરાલુથી સતલાસણા, ગોરાડથી અંબાજી ૬૬ કેવી સબસ્ટેશનમાં વીજ પ્રવાહ લાવવામાં આવેલ. (૩) ત્રીજી સર્કિટ લાઇન ૨૨૦ કેવી પાલનપુરથી જલોત્રા, દાંતાથી અંબાજી લાવવામાં આવેલ તેમજ (૪) ચોથી સર્કિટમાં ૨૨૦ કેવી પાલનપુરથી ૬૬ કેવી માલણ સબસ્ટેશનથી વિરમપુર થઈ ૬૬ કેવી ભાયલા સબસ્ટેશનથી ૧૧ કેવી વીજ લાઇન અંબાજી સુધી પાવર સપ્લાય લાવવામાં આવેલ. આમાં કોઈપણ ૬૬ કેવી લાઇનમાં તકલીફ થાય તો વીજ પુરવઠાને બીજી લાઇનથી પણ મેળવી શકાય તેવી સચોટ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ.

અંબાજીના અંડરગ્રાઉન્ડ ફીડરો પણ સતત કોઈ પણ જાતના ટ્રિપિંગ વગર ચાલુ રહેલ.

આ સિવાય અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ તરફથી મુખ્ય કંટ્રોલ પોંઇટ સાંસ્કૃતિક કાર્યક્રમ સ્થળ, મુખ્ય મંદિર તથા ગબ્બર જેવા અલગ અલગ સ્થળોએ ડીજી સેટની વ્યવસ્થા કરવામાં આવેલ. કોલ્ગી સમિતિના રિપોર્ટની ભલામણ મુજબ અચાનક અંધારપટ છવાય ત્યારે વીજ પુરવઠો પૂરો પાડી શકાય તે માટે કુલ ૧૩ જેટલા ઇન્વર્ટર પોઇન્ટ બનાવવામાં આવેલ. જ્યારે ૧૪ જગ્યાએ જનરેટર સેટ મુકવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપનીની કામગીરીની સફળતાને અનુલક્ષીને પદયાત્રીઓને વીજ લાઇનના થાંભલાઓના સંપર્કમાં રહેવાનું ટાળવા જણાવવામાં આવેલ. જે માટે અલગ અલગ જગ્યાએ વીજ સાવચેતી માટે જરૂરી સૂચક માહિતી આપતા બેનરો લગાવવામાં આવેલ. પદયાત્રીઓના સંઘ દ્વારા લઇ જવામાં આવતી ધજાના દંડ ઉંચાઈએ વીજ તારને અડકે નહીં એ રીતે લઈ જવા ખાસ કાળજી રાખવા વિનંતી કરવામાં આવેલ.

તા. ૫-૯-૨૦૨૨થી તા. ૧૦-૯-૨૦૨૨ દરમિયાન ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા સતત વિના વિક્ષેપે વીજ પુરવઠો પૂરો પાડી સફળ અને ભગીરથ કામગીરી પૂર્ણ કરેલ. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશી દ્વારા કામગીરીને સંલગ્ન તમામ કર્મચારીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવી ભવિષ્યમાં પણ આ પ્રકારની પડકારજનક કામગીરી માટે ખભેખભા મિલાવીને કામ કરશું તેવો આશાવાદ વ્યક્ત કરેલ. ■

# સતત ૧૦મી વખત યુજીવીસીએલ કંપનીએ A+ રેટિંગ પ્રાપ્ત કર્યું

## વધુ એકવાર ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત...

તા. ૦૫મી ઓગસ્ટ ૨૦૨૨ના રોજ ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકે McKinsey & Company કે જે વૈશ્વિક મેનેજમેન્ટ કન્સલ્ટિંગ ફર્મ છે અને વિશ્વના અગ્રણી વ્યવસાયો, સરકારો અને સંસ્થાઓના વિશ્વસનીય સલાહકાર તરીકે કામ કરે છે તેના દ્વારા કરાવવામાં આવેલ મૂલ્યાંકન બાદ દેશના ૩૫ (પાંત્રીસ) રાજ્યોની ૭૧ (ઇકોતેર) જેટલી ખાનગી તેમજ જાહેર ક્ષેત્રની વીજ-વિતરણ કંપનીઓની કાર્યપદ્ધતિનું નિરીક્ષણ કરીને, ઓડિટ કરેલ વિગતો સાથે અલગ અલગ રેગ્યુલેટરી કમિશનના હુકમો, RDSS યોજનાઓ અને અન્ય આવશ્યક વિગતો તેમજ તેમની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરીને ગુણ આપવામાં આવેલ છે.



ભારત સરકાર હસ્તકની Central Electricity Authority (CEA), NATIONAL INSTITUTE OF PUBLIC FINANCE POLICY (NIPFP), Power Finance Corporation (PFC) અને Rural Electrification Corporation (RECના પ્રતિનિધિઓની બનેલી કમિટીની રચના કરીને ઊર્જા મંત્રાલયને માહિતી મોકલવામાં આવેલ જેમાં મહત્ત્વના ધોરણો જેમાં આર્થિક પાસા, શ્રેષ્ઠ દેખાવ અને બાહ્ય વાતાવરણ જેવા મહત્ત્વના પાસઓ ધ્યાનમાં લેવામાં આવેલ છે.

મુલ્યાંકન પદ્ધતિ પ્રમાણે યુજીવીસીએલ એ A+ રેટિંગ સાથે ભારતભરની પ્રથમ હરોળની વીજ-વિતરણ કંપની તરીકેનું પોતાનું સ્થાન જાળવી રાખેલ છે. વર્ષ ૨૦૧૩થી વર્ષ ૨૦૨૨ સુધી સતત ૧૦મી વખત રેટિંગ સાથે પોતાની અગ્રિમ હરોળની વીજ-વિતરણ કંપની તરીકે ઓળખ જાળવી રાખેલ છે.

ગુજરાત સરકારની વીજ વિતરણ કંપનીઓ સર્વશ્રેષ્ઠ સેવાઓ માટે રાષ્ટ્રીય કક્ષાએ A+ રેટિંગથી સન્માનિત, ભારત સરકારના વીજ મંત્રાલય દ્વારા અપાયેલ દસમા રેટિંગ સાથે ગુજરાત સરકારની જીયુવીએનએલ હસ્તકની ડીજીવીસીએલ, એમજીવીસીએલ અને યુજીવીસીએલને પ્રથમ ચારમાં સ્થાન પ્રાપ્ત કરી A+ રેટિંગથી સન્માનિત કરેલ છે.




આ રેટિંગ પદ્ધતિ દર્શાવે છે કે જે વીજ-વિતરણ કંપની A+ રેટિંગ મેળવે છે તે કંપનીને ૮૦ થી ૧૦૦ ની વચ્ચે ગુણ મળ્યા હોય, ઉચ્ચ વહીવટી કાર્યક્ષમતા અને આર્થિક સદ્ધરતા ધરાવતી હોય, શ્રેષ્ઠ વીજ-વિતરણ વ્યવસ્થા ધરાવતી હોય અને યોગ્ય કિંમતે વીજળી પૂરી પાડીને ગ્રાહકલક્ષી અભિગમ ધરાવતી હોય.

ઇન્ટીગ્રેટેડ રેટિંગ મેથોડોલોજી અંતર્ગત ભારતના વિવિધ રાજ્યોની વીજ-વિતરણ કંપનીઓમાં ગુજરાતની ચારેય વીજ-વિતરણ કંપનીઓએ અને ખાસ કરીને દક્ષિણ ગુજરાત વીજ કંપનીએ પ્રથમ સ્થાન મેળવ્યું છે જ્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે ચતુર્થ સ્થાન મેળવ્યું છે જે ગૌરવની બાબત છે.

યુજીવીસીએલ દ્વારા ગત નાણાકીય વર્ષ દરમ્યાન એટીએન્ડસી લોસ ઘટાડી ૬.૩૫ ટકા સુધી લઈ જવા માટે સઘન પ્રયત્નો હાથ ધરેલ જેના પરિણામો સકારાત્મક છે તથા કંપની ઉત્તરોત્તર આર્થિક સદ્ધરતાની નવી ઊંચાઈઓ સર કરી રહી છે.

ગુજરાત સરકાર, ગુજરાત વીજ-નિયમન પંચ અને ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના માર્ગદર્શન તથા સહકારથી તેમજ યુજીવીસીએલના સત્તાધીશો તેમજ કર્મચારીઓ અને અધિકારીઓના સહિયારા પુરુસાર્થથી કંપની સફળતાના શિખરો સર કરી રહી છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના સક્ષમ નેતૃત્વ અને માનનીય ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઇ, માનનીય ઊર્જા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શનમાં ગુજરાતની આ ચારેય વીજ વિતરણ કંપનીઓએ પોતાનું અગ્રિમ હરોળનું સ્થાન જાળવી રાખ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ જ્વલંત સફળતા અને ઉત્કૃષ્ટ દેખાવ બદલ વિશેષ સ્થાન મેળવનાર વીજ કંપનીઓના અધિકારીઓ અને તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવેલ છે.

સતત દસમી વખત A+ રેટિંગ પ્રાપ્ત થવાથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોશીએ કંપનીના ઉચ્ચઅધિકારીઓ અને નાનામાં નાના કર્મચારીઓનો હૃદયપૂર્વક આભાર માની અભિનંદન પાઠવેલ છે. ભવિષ્યમાં પણ આજ પ્રકારની ઉત્કૃષ્ટ કામગીરી દ્વારા વધુ સફળતાના શિખરો સર કરતા રહીશું તેવો આશાવાદ વ્યક્ત કરેલ છે. ■

## પ્રતિભાવ

નમસ્કાર, જાણીને અને વાંચીને અનહદ આનંદ છે કે યુજીવીસીએલ "આપણું યુજીવીસીએલ" અંતર્ગત કંપનીના સમાચાર, સેવાઓ, સિદ્ધિઓ અને કર્મચારીને પ્રોત્સાહિત કરતી પ્રવૃત્તિઓને આવરી લઈ એક અનોખું મેગેઝિન પ્રકાશિત કરે છે. સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

**– શ્રી સંદીપ ચૌધરી,**
એમ.જી.વી.સી.એલ., નડિયાદ

વાહ, આ બધુ સંપાદકશ્રી અને પૂરી ટીમના સતત પ્રયત્નો અને મહેનતનું પરિણામ છે.

**– શ્રી દર્શનભાઈ મેવાડા,**
સીની. આસી., ઈએમસી,
ગાંધીનગર

"આપણું યુજીવીસીએલ" ના ૬૬માં અંક ખૂબ જ ઉત્તમ રીતે સંપાદીત કરવામાં આવેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપનીની ગૌરવ, સિધ્ધિઓ, સફળતાને દરેક કર્મચારીઓ સુધી પહોંચાડવાનું ઉમદા કાર્ય આ થકી થાય છે. રસભર માહિતી સાથેના સફળતાપૂર્વકના સુકાન બદલ સંપાદકશ્રી તથા પૂરી ટીમને ખૂબ ખૂબ અભિનંદન.

**– શ્રી સ્નેહલકુમાર ડાહ્યાલાલ જોષી,**
નાયબ અધિક્ષક, રજી. એન્ડ કોર્પોરેટ
કચેરી, મહેસાણા

કલોલ ખાતે પ્લાસ્ટિક મુક્તિ અભિયાનનું અનોખું ઉદાહરણ, ખૂબ જ પ્રેરણાદાયી... યુજીવીસીએલ તથા જીયુવીએનએલના નવા એમ.ડી. સાહેબશ્રીનો પરિચય, વીજબચત, વીજઅકસ્માત, વિશે લોક જાગૃતિ તેમજ માહિતી સભર 'આપણું યુજીવીસીએલ' અંક-૬૬ના સંપાદકશ્રી તથા ટીમની સરાહનીય કામગીરી બદલ અભિનંદન.

**– શ્રી અમૃતભાઈ જી. શ્રીમાળી,**
નિવૃત્ત અધિક્ષક હિસાબ, મહેસાણા

# યુજીવીસીએલ દ્વારા ૭૬માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહપૂર્વક ઉજવણી











જ્યારે સમસ્ત ભારત આપણી "આઝાદીનો અમૃત મહોત્સવ" ઉજવી રહ્યો છે, ત્યારે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજી. અને કોર્પોરેટ કચેરી, મહેસાણા ખાતે આજ તા. ૧૫, ઓગષ્ટના ૭૬માં ગૌરવવંતા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રભવ જોષી દ્વારા સવારે ૯.૧૫ કલાકે ધ્વજવંદન કરી તથા સમૂહમાં રાષ્ટ્રગીત ગાઈને તિરંગાને સલામી આપવામાં આવેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં સાંપ્રત પ્રવાહ અને ભવિષ્યની કસોટીઓને ધ્યાનમાં રાખી વીજ વિતરણ કંપનીઓની ગળાકાપ સ્પર્ધામાં ટકી રહેવા માર્કેટિંગ સેલ અને કન્ઝ્યુમર ગ્રિવન્સીસ સેલની અગત્યતા ઉપર ભાર મુકવામાં આવેલ. તદુપરાંત, કંપની દ્વારા ગત વર્ષ દરમ્યાન પ્રાપ્ત કરેલ સિદ્ધિઓને અને કંપનીની જીવાદોરી એવા લાઈન સ્ટાફને બિરદાવવામાં આવેલ.



કંપનીનાં મેનેજિંગ ડિરેક્ટરશ્રી તેમજ ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા અધિકારી/કર્મચારીગણના તેજસ્વી સંતાનોને રોકડ ઈનામ તેમજ પ્રશસ્તિપત્રો આપીને બિરદાવવામાં આવેલ. તેવી જ રીતે આપણી કંપનીમાં અધિકારી/કર્મચારીગણ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ Excellence Awards આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. વધુમાં કંપનીની ફિલ્ડ ઓફિસો ખાતે પેટા વિભાગીય કચેરી (ગ્રામ્ય) અને (શહેર) વધુમાં વધુ Online Payment કરાવવા બદલ પ્રશસ્તિપત્ર આપવામાં આવેલ.

સદર કાર્યક્રમને એચ.આર. વિભાગની ટીમ દ્વારા અને શ્રી સ્નેહલભાઈ જોષી, નાયબ અધિક્ષક, પે.વિ.ક. વડગામ દ્વારા સૂચારુરૂપે સંચાલન કરવામાં આવેલ.

| Merit Awards | | | | | |
|---|---|---|---|---|---|
| **Name of Emp./ Design. Mr./Ms.** | **Place of Working** | **To Whom/ Relation** | **Percentage/ Details** | **Standard/ Details** | **Merit Award Amount of Rs./ Certificate** |
| S.G.Prajapati DE | R&C Office Mehsana | Charvi Daughter | 86.16 % | $10^{th}$ | 250/- & Certificate |
| Smt. R.V. Chudhary Jr.Asstt | Mehsana DO | Diya Daughter | 89.66 % | $10^{th}$ | 250/- & Certificate |
| G.A. Patel Ele. Asstt | Visnagar S/Dn - I | Jeel Son | 92.66 % | $10^{th}$ | 250/- & Certificate |
| A.K. Patel ALM | Kadi S/Dn-I | Meet Son | 93.50 % | $10^{th}$ | 250/- & Certificate |
| J.R. Patel Jr. Asstt | Kadi S/Dn-I | Het Son | 91.16 % | $10^{th}$ | 250/- & Certificate |
| A.G. Parmar M.T. | Kadi DO | Ansh Son | 85.54 % | $12^{th}$ | 500/- & Certificate |
| R.G. Parmar Sr. Asstt | Kadi S/Dn-I | Bhargav Son | 86.14 % | $12^{th}$ | 500/- & Certificate |
| S.A. Patel Ele. Asstt | Patan (City) S/Dn-I | Vraj Son | 87.69 % | $12^{th}$ | 500/- & Certificate |

| Well Done (Excellence) Awards in form of Certificate | | | |
|---|---|---|---|
| **R&C Office, Mehsana** | | | |
| **Name of Emp./ Design. Mr./Ms.** | **Place of Working** | **Nomination Category** | **Short brief about Extra-Ordinary work/ Performance** |
| R.J. Rami DE | R&C Office, Mehsana | Personal Award Nominated by superior | Extra Ordinary work in Transformer Repair and Maintenances, Good Correspondence Skills. Speed in work with accuracy, Training of TMS in all four COs. |
| D.C. Chauhan, Jr. Asstt. | | | Good Record Keeper related to transformers, References and complaints, Solved consumer's complaints in time, Consumer Satisfaction, over all indirectly benefited to the Company. |
| P.B. Prajapati, Jr. Asstt | | Self Nomination | Extra Ordinary work in the area of Environmental care and nurturing. In the Field of Education. Gujarati Language and Gujarati Literature. Caring for the needy people for their basic needs like clothes etc. |
| **Mehsana Circle Office** | | | |
| R. R. Prasad, Jr. Engineer | Patan (City) S/ Dn-I | Best Team in Installation Checking | Huge Financial Benefit to the Company of Total amount of Rs. 52, 56,720/- during Installation Checking. |

| | | | |
|---|---|---|---|
| M.A. Patel, Jr.Asstt | Detroj S/ Dn. | Personal Award Nominated by superior | Extra ordinary performance at billing side, E-urja system, PRT and Month end work. |
| **Sabarmati Circle Office** | | | |
| N.R. Dave, Supdt. A/c | Sabarmati | Personal Award Nominated by superior | Increase in the revenue of the Company on account of issuing notice and regularize HT & LT load of consumers in time. |
| P.M. Patel, Junior Engineer | | | Extra Ordinary work in Transformer maintenance and Repairing, Testing and Training of TMS. |
| **Palanpur Circle Office** | | | |
| T.N. Kharadi, DE | Tharad S/ Dn-II | Best Team in Installation Checking | Recommended by SE, Palanpur CO |
| Ms. T.B. Modh, Supdt. A/c (Revenue) | Sidhhpur DO | Nomination by Colleague/ Co-worker | Recommended by SE, Palanpur CO |

**Achievement of Sub Division/ Division Offices Highest Growth in e-payment of energy bills by the consumers (Only Certificate is to be given)**

| Sr. No. | Circle | Division | Sub Division | Category | Rank |
|---|---|---|---|---|---|
| 1. | Palanpur | Palanpur- II | Iqbalgadh | Rural | 1ST |
| 2. | Palanpur | Deesa - II | Tharad -II | Rural | 2ND |
| 3. | Palanpur | Deesa – II | Tharad | Rural | 3RD |
| 4. | Mehsana | Mehsana | Mehsana (Town) | Urban | 1ST |
| 5. | Sabarmati | Kalol | Kalol (Town) S/Dn | Urban | 2ND |
| 6. | Mehsana | Kadi | Kadi (Town) S/Dn | Urban | 3RD |

**Zero Accident in Sub Division Office, In Last 03 years, 2019-20, 2022-21, 2021-22**

| Sr. No. | Circle | Division | Sub Division | Category Rank |
|---|---|---|---|---|
| 1. | Himmatnagar | Idar | Idar (T) S/dn | Zero Accident in last 03 years |
| **Best Performing Sub Division Office** | | | | |
| 1. | Himmatnagar | Himmatnagar | Himmatnagar (T) | Best Performing Sub Division |
| 2. | Mehsana | Kadii | Becharaji S/Dn | Best Performing Sub Division |




**સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત**

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ - મહેસાણા

CIN- U40102GJ2003SGC042906

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com